# પાંખડીનું ઉપવનમાં રૂપાંતર | અદમ ટંકારવી

[**પાંખડી :** અહમદ 'ગુલ', પ્ર. પોતે, વિ૦ આર. આર. શેઠની કંપની, ૨૦૦૨, પૃ. ૬૦, કિં. રૂ. ૪૦]

'પાંખડી' કવિ અહમદ ગુલની અતિ ટૂંકા માપના છંદોમાં રચાયેલી ગઝલોનો સંગ્રહ છે. ગુજરાતીમાં આ અગાઉ આદિલ મન્સૂરી તથા અન્ય ગઝલકારોએ એક જ શબ્દનો મિસરા રચવાના પ્રયોગ કર્યા છે. પણ સંગ્રહની બધી જ ગઝલો ટૂંકા માપની હોય એવું અહીં પ્રથમ વાર બને છે, એ દૃષ્ટિએ 'પાંખડી' અ-પૂર્વ, વિશિષ્ટ અને નોંધપાત્ર ગઝલસંગ્રહ છે.

બ્રિટનમાં વસતા ગુજરાતી ગઝલકાર માટે ગઝલના મુખ્ય પ્રવાહ સાથે પરમ્પરાનુસંધાન સાધવાનું મુશ્કેલ છે. તેમાંય વળી ગઝલમાં પ્રયોગલક્ષી થવાનું તો અત્યંત કપરું છે. પરિણામે, મુશાયરાની નીપજરૂપે કાફિયા રદીફની તાલમેલવાળી, અભિધાયુક્ત, વાચાળ, શબ્દાળુ ગઝલોનું સર્જન થતું રહે છે અને ગઝલનું વરવું, રુગ્ણ સ્વરૂપ અસ્તિત્વમાં આવે છે. આવા જુગુપ્સાપ્રેરક વાતાવરણમાં પ્રયોગલક્ષી ગઝલોનું સર્જન કરતા રહેવું એ એક પડકાર છે. આ આહ્વાન ઝીલવા માટે અપેક્ષિત સર્જકતા અને ગઝલનિષ્ઠા કવિ અહમદ ગુલમાં છે તેનું પ્રમાણ 'પાંખડી'ની ગઝલોમાંથી મળે છે.

ટૂંકા બહેરના શેરમાં અભિવ્યક્તિ માટે કવિને બે શબ્દો જેટલો જ અવકાશ મળે છે. આ બે શબ્દોનો વ્યંજનાત્મક સંદર્ભ રચી શબ્દને રસાનુભૂતિનાં જનક બનાવવાનું કવિકર્મ સિદ્ધ થાય તો જ શેર ભાવક માટે સમસંવેદ્ય બને છે. 'પાંખડી'ની ગઝલોના અનેક શેરમાં શબ્દ તેના ચલણી, કોશગત અર્થને અતિક્રમી વ્યંજનાસ્તરે વિકસે છે, અને ભાવકચેતનાને ઝંકૃત કરી જાય છે.

**દી' ઢળે**
**તું મળે**

ઉપરોક્ત શેરમાં કુલ ચાર શબ્દો છે તેમાંય બે શબ્દો તો એકાક્ષરી છે. કવિને ભાવનિરૂપણ માટે છ અક્ષરની ભોંય પ્રાપ્ત છે, પણ આ ચાર શબ્દોના વ્યંજનાપૂર્ણ વિનિયોગમાં સંવેદનનું પરિમાણ વિસ્તરે છે અને આપણને સૌંદર્યબોધ કરાવે છે. દી' ઢળે પ્રિયજન મળે ને તેથી દિવસભરના સંતાપ શમી જાય છે, શાતા અનુભવાય છે, ન્યાલ થવાય છે, દી' સુધરી જાય છે એવા અર્થસંકેતો આ ટૂંકા માપનો શેર રચી આપે છે. પ્રિયતમાના મિલનથી કૃતાર્થ થવાની અનુભૂતિનો સંકેત અહીં પૂરો થતો નથી. આ સંવેદન તે પછીના શેરમાં વિસ્તરે છે :

**તું મળે**
**દી' ફળે**

અહીં પ્રથમ શેરનો આખો મિસરો 'તું મળે' તથા એક શબ્દ 'દી'નું પુનરાવર્તન થયું છે. પણ માત્ર 'ફળે' એ એક શબ્દ નવો પ્રયોજી કવિ આખા સંદર્ભને નવું જ પરિમાણ બક્ષે છે. પ્રથમ શેરનો ભાવ બીજા શેર સુધી વિસ્તરે છે, અને 'દી ફળે' મિસરા સાથે ભાવવર્તુળ પૂરું થાય છે. 'પાંખડી'ની ગઝલોના અનેક શેર કવિ અહમદ ગુલની સર્જકતા અને ભાષાકર્મના સંસ્પર્શે આસ્વાદ્ય બને છે. પેજ ૧૮ પરની ગઝલમાં લોકોની 'પ્રાઇંગ આઇઝ માટે' પંચાતી વિશેષણ વપરાયું છે. આ કવિ શબ્દને ઝળહળિત કરવા મથે છે. શબ્દ સાથે કવિની નિસ્બતને લીધે પોતાની ગઝલો દ્વારા શબ્દ ઉજાગર થાય એવી 'ગુલ'ની ખેવના છે. એ વ્યક્ત કરતાં કવિ કહે છે :

**શબ્દની 'ગુલ'**
**આબરૂ થા**

ગઝલનો શબ્દ લીસો, લપટો, બોદો, સપાટ, નિર્વીર્ય હોય તો એવા શબ્દની ફજેતી થાય છે. શબ્દને આવી ફજેતીથી, વગોવણીથી બેઆબરૂ થવાથી બચાવવાની આ કવિની એષણા છે. ગઝલમાં સરળ, બોલચાલની ભાષા અપેક્ષિત છે. આ નિરૂપણશૈલીને અનુરૂપ કહેવત પણ અહમદ ગુલની ગઝલમાં શેર રૂપે પ્રયોજાય છે :

**જે ફરે**
**તે ચરે**

ગઝલનું કાવ્યસ્વરૂપ ચિંતનનો બોજ ખમી ન શકે. અહમદ ગુલ જીવનની વાત ગઝલને અનુરૂપ બાનીમાં કરે છે. 'નામ લખ / રેત પર' એ શેરમાં જીવનની નિયતિનો, 'નાટક વિના / નાયક હતો'માં જીવનમાં નિર્ભ્રાંતિનો, તથા 'તરડાયેલું / એ જ દર્પણ'માં જીવનની એકવિધતાનો અવબોધ થાય છે. નૈરાશ્યને વ્યક્ત કરવા કવિ પ્રચલિત કલ્પન પ્રયોજે છે :

**તીવ્ર પ્યાસ**
**ખાલી જામ**

અહમદ ગુલની ગઝલોમાં અગાઉ વતનઝુરાપાની વાત કળાત્મક અભિવ્યક્તિ પામી છે. પણ આ સંગ્રહના એક શેરમાં વતનમાં પરાયાપણાની વાત કરી કવિ વિચ્છિન્નતાના સંવેદનને તીવ્ર બનાવે છે :

**વતનમાં પણ**
**પરાયો છું**

એટલે જ કવિ કોઈનું સાન્નિધ્ય ઝંખે છે. ભીડમાં પરિચિત ચહેરો શોધે છે. ગઝલ આ સનાતન ખોજનું માધ્યમ બને છે. છિન્નભિન્ન થયેલી મનુષ્યજાતિને સરળ સંદેશ આપતાં કવિ કહે છે :

**'ગુલ' હવે તો**
**એક થાઓ**

એકમેકના સંદર્ભે જ આપણું હોવાપણું પ્રતીત થાય છે, તેથી 'ગુલ' કહે છે :

**સવાલ છું**
**જવાબ થા**

અહમદ ગુલની ટૂંકા છંદમાપની ગઝલોમાં કાવ્યોપકારક સંયમનાં ઉદાહરણ મળે છે. એમના માટે ગઝલ કળાત્મક અભિવ્યક્તિ છે, ધાંધલ નહીં. એટલે જ એક શેરમાં કહે છે :

**ન અર્થની**
**ધમાલ કર**

કવિના નિવેદન અનુસાર આ ગઝલો લાઘવ સિદ્ધ કરવાની મથામણ રૂપે લખાઈ છે.

આ માટે અનેક ઉપકરણો પ્રયોજાયાં છે. વેદનાની અભિવ્યક્તિ માટે આંખોનું શ્રાવણમાં રૂપાંતર થાય છે :

**ગુલ આંખનું**
**શ્રાવણ થવું**

કવિ અનેક આઘાતોને થોડા શબ્દો દ્વારા વાચા આપે છે :

**થોડા શબ્દો**
**કંઈ આઘાતો**

આ સંગ્રહની રચનાઓમાંથી પસાર થતાં કવિની સર્જનપ્રક્રિયાનો તાગ મળે છે. ગુલ પ્રથમ ભાવકને પુષ્પની પાંખડી બતાવે છે, પછી પાંખડી ઉપર ઝાકળબિંદુ દેખાડે છે, પછી પાંખડી પુષ્પ થાય છે, પુષ્પોમાંથી ગુલછડી બને છે અને આમ નમણી, નાજુક પાંખડીનું ઉપવનમાં રૂપાંતર થાય છે :

**પાંદડી થા**
**પાંખડી થા**
**ઓસભીની**
**પાંદડી થા**
**ગુલ ગઝલની**
**ગુલછડી થા**

અભિવ્યક્તિ સંદર્ભે 'ગુલ' શબ્દને 'વફાદાર' છે. શબ્દ દ્વારા કવિ સંવેદનની મુખોમુખ થવા અને ભાવ સાથે તદ્રૂપ થવા તાકે છે :

**રૂબરૂ થા**
**હૂબહૂ થા**

ગઝલ 'ગુલ' માટે સહૃદયતાનો સેતુ બને છે. ગઝલ રૂપે કવિ અન્યો સુધી પહોંચવાની ઇચ્છા સેવે છે :

**હૃદય એને**
**વસી જઈએ**

અહમદ ગુલનું ગઝલસર્જન પડઘાશૈલીનું કે ગતાનુગતિક નથી. પરમ્પરા સાથે અનુસંધાન કાયમ રાખીને તેઓ પોતાની આગવી મુદ્રા ઉપસાવવા મથે છે. ગઝલક્ષેત્રે કંઈક અલગ વિશિષ્ટ કરવાની એમની નેમ છે. આ ધખનાને વ્યક્ત કરતાં કવિ કહે છે :

**ગુલ કંઈ અલગ**
**સર્જન કરો**

મર્યાદિત ભાવવિશ્વ અને બીબાંઢાળ અભિવ્યક્તિને લીધે બ્રિટનની ગુજરાતી ગઝલનાં જળ ડહોળાયેલાં છે. 'પાંખડી'ના પ્રકાશનથી આ ક્ષેત્રે નવી તાજગી અનુભવાય છે, અને સ્વચ્છ, નીતર્યાં જળનો તોષ મળે છે.